Extra No. 306

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગૃહ વિભાગના તારીખઃ ૨૯મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૭/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Recording of Information (BNSS Section 173(1)(ii))

Rules, 2025

ગુજરાત માહિતી રેકર્ડ કરવા બાબત (બીએનએસએસ કલમ ૧૭૩ (૧)(૨)) નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૮૭/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫:- ગુજરાત રાજ્યને લાગુ પડતી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૧૭૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત માહિતી રેકર્ડ કરવા બાબત (બીએનએસએસ કલમ ૧૭૩ (૧)(૨)) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર” એટલે સંહિતાની કલમ ૨(૧)(૮)માં ઉલ્લેખ્યા પ્રમાણેનો ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર;

(ખ) “નમૂનો” એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(ગ) “માહિતી આપનાર” એટલે ફરિયાદી અથવા ભોગ બનનાર સહિત પોલીસને જેણે ગુનાની જાણ કરી હોય તે વ્યક્તિ;

(ઘ) “પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ (હવાલો ધરાવતા) અધિકારી” એટલે સંહિતાની કલમ ૨(૧)(૫)માં વ્યાખ્યા કર્યા મુજબના પોલીસ અધિકારી;

(ચ) “સંહિતા” એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા).

(૨) આ નિયમોમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા પણ સંહિતામાં વ્યાખ્યાયિત કરેલા અન્ય તમામ શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, સંહિતામાં અનુક્રમે તેમનો જે અર્થ કરેલો હોય તે જ અર્થ થશે.

૩. માહિતી નોંધવા બાબત.-

(૧) પોલીસ સ્ટેશનમાં પ્રાપ્ત થતી પોલીસ અધિકારનો કોઇ ગુનો થવા અંગેની દરેક માહિતી, પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીએ રેકર્ડ પર લેવી જોઇશે.

(૨) આવી માહિતી ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર દ્વારા પ્રાપ્ત થાય, તો માહિતી આપનારને તેની સહી કરવા માટે ત્રણ દિવસની અંદર બોલાવવો જોઇશે.

(૩) કલમ ૧૭૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) અને (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પ્રાપ્ત થયેલ માહિતી, નમૂના ૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ફોર્મેટમાં, રજિસ્ટરમાં રેકર્ડ કરવી જોઇશે અને જ્યાં માહિતી પ્રાપ્ત થઇ હોય તે પોલીસ સ્ટેશનમાં રાખવી જોઇશે.

નમૂનો-૧

(જુઓ નિયમ ૩(૩))

ઈ-એફઆઈઆર રજિસ્ટર બીએનએસએસ ૧૭૩ (૧)(૨)

પોલીસ સ્ટેશનનું નામ .....

અનુક્રમાંક	માહિતી પ્રાપ્ત થયાની તારીખ અને સમય	પ્રાપ્ત થયાની રીત (કોલ/ ઈ-મેલ/ મેસેજ/ સિટીઝન પોર્ટલ-ઈ ગુજકોપ વગેરે)	માહિતી આપનારનું નામ અને સરનામું	માહિતી આપનારનો ઈ-મેલ/ ફોન નંબર/ વ્હોટ્સએપ નંબર	માહિતી આપનાર/ ફરિયાદીનું સરનામું અને આઈડી પ્રુફ (આધાર/ પાન/ પાસપોર્ટ) (હા/ના)	સંબંધિત સ્ટેશન ડાયરી નોંધ નંબર સહિત ગુનાઓની સંક્ષિપ્ત વિગતો
૧	૨	૩	૪	૫	૬	૭

ફરિયાદમાં સહી કરવા માટે પોલીસ સ્ટેશન ખાતે હાજર થવા માહિતી આપનાર/ ફરિયાદીને જાણ કર્યાનો સમય, તારીખ અને રીત	સહી મેળવ્યા બાદ ઈન્ચાર્જ અધિકારી દ્વારા લીધેલ પગલાં		સ્ટેશન ડાયરી નોંધની વિગત		વિશેષ નોંધ
૮	૯		૧૦		૧૧
	(ક) પ્રાથમિક તપાસ	(ખ) ઉલટ સંદર્ભ સહિત એફઆઈઆરનો રજિસ્ટ્રેશન નંબર	અનુક્રમાંક ૯ મુજબ લીધેલા પગલાં માટે તારીખ સહિત સ્ટેશન ડાયરી નોંધ નંબર	સમયમર્યાદામાં ઈ-એફઆઈઆરમાં સહી કરવા અથવા હાજર થવામાં માહિતી આપનાર ચૂક કરે તેવા કિસ્સામાં તારીખ સહિત સ્ટેશન ડાયરી નોંધ નંબર	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રધ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.29 10:39:32 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar